

**શાસન શિરોમણિ,
નિશ્ચયરત્નત્રયાત્મક
મોક્ષમાર્ગ પ્રકાશક,
ભાવિના ભગવાન,
જિનેન્દ્ર લઘુનંદન
વહાલા કહાનગુરુની
૧૨૯મી
જન્મજયંતિના મંગલકારી
પ્રસંગે તેઓશ્રીના પાવન
પાદપંકજમાં
શત શત
વંદન હો!**

**ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો–વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો. ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ હતી. સાંભળનારને તો કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું મીઠું લાગે. કેટલાક જીવોને તો એવું લાગ્યું છે કે જાણે કોઈ દૈવીવાણી આવે છે!! એક અસાધારણ યુગપુરુષ જેવું ગુરુદેવનું વ્યક્તિત્વ અને કર્તૃત્વ પણ એવું જ હતું.**

**– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૫, વર્ષ-૨૨, એપ્રિલ-૨૦૧૮

## અષાઢ સુદ ૬, શુક્રવાર, તા.૨૪-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૪૮-૪૯, પ્રવચન-૧૭

**'રાગદ્વેષનો ત્યાગ કરીને આત્મામાં સ્થિતિ કરવી તે ધર્મ છે.'**

**राय-रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ।**
**सो धम्मु वि जिण-उत्तियउ जो पंचम-गइ णेइ।।४८।।**

શું કહે છે? બહુ ટૂંકા શબ્દોમાં ટૂંકું કહે છે. જે કોઈ આત્મા પુણ્ય ને પાપના, રાગ ને દ્વેષના ભાવને છોડી દઈને, શુભ અને અશુભભાવ જે રાગ-દ્વેષમય છે તે બંધના કારણ છે, તેને છોડી દઈને. '**अप्पाणि वसेइ**' જે આત્મામાં વસે છે. દેખો! પુણ્ય અને પાપના ભાવમાં વસવું તે આત્માનું વસવું નથી, એમ કહે છે. એ શુભભાવમાં વસવું એ પણ આત્માનું વસવું નથી, એમ કહે છે. બહુ ટૂંકી ભાષામાં (કહે છે).

રાગ-દ્વેષના વિકલ્પો છોડી દઈ, શુભ-અશુભની રાગની વૃત્તિઓ છોડી '**अप्पाणि वसेइ**' '**अप्पाणि**' એ ત્રિકાળી આત્મા છે, વસવું એ અંદર સ્થિરતા છે. આત્મામાં વિશ્રામ કર. આહાહા..! ભગવાન ચૈતન્યધામ અંદર બિરાજે છે. પૂર્ણાનંદનો નાથ ભગવાનઆત્મા શાશ્વત બિરાજે છે આત્મા એમાં વસ, એમાં વિશ્રામ કર, એમાં ઠર. એ મુક્તિનો ઉપાય છે. એ 'યોગસાર' છે, એમ કહેવું છે ને! '**वसेइ**' તે 'યોગસાર' છે. ભગવાનઆત્મા જેને કહીએ એ તો શુદ્ધસ્વભાવી વસ્તુ છે. શુદ્ધસ્વભાવી વસ્તુમાં વસવું એને યોગસાર કહે છે, તેને મોક્ષનો માર્ગ કહે છે.

'**सो धम्मु वि जिण-उत्तियउ**' એને વીતરાગ પરમેશ્વરે ધર્મ કહ્યો છે. સર્વજ્ઞદેવ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હતું, એવા પરમેશ્વરે આને આત્મામાં વસવું તેને ધર્મ કહ્યો છે. જુઓ! ભાષા છે ને? આહાહા..! પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું છે કે, જેટલો ભગવાનઆત્મા શુદ્ધભાવે છે એમાં વસે તેટલો એને ધર્મ થાય. સમજાણું કાંઈ?

'**सो धम्मु वि जिण-उत्तियउ**' વીતરાગ પરમેશ્વરે સર્વજ્ઞદેવે આ આત્મા આનંદમય જોયો છે, એ આનંદમાં જેટલો વસે એટલો ભગવાન પરમાત્માએ ધર્મ કહ્યો છે. જેટલો એ પુણ્ય ને પાપમાં જાય તેને ભગવાને અધર્મ કહ્યો છે. આહાહા..! ભારે વાત. 'માંગીરામજી'! ભારે આકરી વાત. ચાલે છે ને? 'દિલ્લી'માં શું ચાલે છે? થોડું ચાલે છે, એમ કહે છે.

ભાઈ! આ એક આત્મા છે કે નહિ? તો આત્મા તો એને કહીએ કે, જેમાં કર્મ, શરીર ને પુણ્ય-પાપના ભાવ વિનાની ચીજને આત્મા કહીએ. આત્મા એને કહીએ અને કેવળીએ એને આત્મા કહ્યો, પરમેશ્વરે એને આત્મા કહ્યો. શરીર, કર્મને તો ભગવાને

અજીવ કહ્યા. વાણી, શરીર અને કર્મ અજીવ કહ્યા. આત્મામાં પુણ્ય-પાપના ભાવ થાય એને ભગવાને આસ્રવ, બંધનું કારણ કહ્યું. એ કંઈ આત્મા નથી. આહાહા..! ભારે વાત આકરી. એ આસ્રવના પુણ્ય-પાપના ભાવ વિનાની ત્રિકાળી આત્મચીજ તે તો એકલો વીતરાગી વિજ્ઞાનઘન શુદ્ધભાવથી ભરેલું તત્ત્વ છે. એવા શુદ્ધભાવમાં વસે તેને શુદ્ધભાવ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? જેટલો એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં આવે એટલો તે અશુદ્ધભાવ છે, બંધભાવ છે, એ અધર્મભાવ છે.

મુમુક્ષુ : અશુદ્ધભાવ એટલે બંધભાવ.

ઉત્તર : અહીં તો કહ્યું ને, જુઓને! બે જ ભાષા છે, બે જ વાત છે. રાગ-દ્વેષના વિકલ્પો શુભ હો કે અશુભ હો, એને છોડી દઈને ભગવાનઆત્મા અનંત શાંત અને આનંદ સચ્ચિદાનંદમૂર્તિ પ્રભુ, એમાં વસે એ ભગવાનઆત્મા આત્મામાં વસે, રહે, ઠરે, એકાગ્ર થાય એટલો શુદ્ધભાવ પ્રગટ થાય, એટલો ભગવાને ધર્મ કહ્યો છે અને એ ધર્મ પંચમગતિનું કારણ છે. છે ને? પંચમગતિને પમાડે છે. '**णेइ**' (અર્થાત્) '**લઈ જાય છે.**' એ ધર્મ પાંચમી ગતિ એવી મોક્ષને પમાડે છે. પણ વચ્ચે આ શુભભાવ દયા, દાન, વ્રતાદિ, ભગવાનની ભક્તિ આદિ હો ભલે, પણ એ મોક્ષને પહોંચાડે એવી એનામાં તાકાત નથી. એ બંધકારણ છે. આહાહા..! જેમ પાપના ભાવ બંધનું કારણ છે, એવો પુણ્યનો ભાવ પણ બંધનું કારણ છે. એમાં વસવું એ કંઈ મોક્ષગતિમાં લઈ જાય એવી એનામાં તાકાત નથી. બેય દુઃખ છે. શું કીધું એણે?



મુમુક્ષુ : એટલો તો માર્ગ કપાણો.

ઉત્તર : જરીયે કપાણો નથી. પુણ્ય અને પાપ બંધનના જ કારણ છે. આહાહા..! એને ગળે ઊતરવું (કઠણ પડે).

ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ, એમણે જ્ઞાનમાં તારો આત્મા જોયો એ આત્મા તો પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે. એવા આત્મામાં અંતરમાં એકાગ્ર થઈને ઠરવું એનું નામ શુદ્ધઉપયોગ અને શુદ્ધ ધર્મ છે, એ એક જ મુક્તિનું કારણ છે, બાકી કોઈ મોક્ષનું કારણ છે નહિ. આહાહા..! જુઓને, ઓલા ધર્મ માનીને બિચારા મંદિર ને જાત્રા, પાંચ-પાંચ લાખ કાઢે. જાત્રા (કરીશું તો) મુક્તિ થશે. ધૂળમાંય નહિ થાય. રાગ મંદ (આવે), અશુભથી બચવા શુભભાવ હોય છે. અશુભથી બચવા શુભભાવ હોય છે પણ એનાથી સંવર, નિર્જરા થાય એમ છે નહિ. ભારે, ભાઈ! તો કરવું શું કરવા? એ ભાવ આવે, ભાઈ! જ્યારે એને પાપભાવ ન હોય, એક વાત. શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા ન હોય, બે વાત. શું કીધું? શુભભાવ એની મેળાએ આવે છે, આવ્યા વિના રહે જ નહિ. જ્યાં સુધી આત્મા પૂર્ણ વીતરાગપણાને ન પામે ત્યાં સુધી વચમાં શુભભાવ આવે, પણ એ આવે એ મોક્ષનું કારણ છે, એમ નહિ. આત્માને શાંતિનું કારણ છે, એમ નહિ. એ શુભભાવ પોતે જ અશાંતિ છે. આહાહા..! આ જુઓ આવ્યું. અશુભભાવ તીવ્ર અશાંતિ, શુભભાવ મંદ અશાંતિ,

પણ છે અશાંતિ. લ્યો, ઠીક. પણ અશાંતિ છે, એમાં જરીયે શાંતિ નથી. જરીયે નજીક નથી. અશાંતિમાં શું નજીક આવ્યું?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અનાદિઅનંત ચૈતન્યજ્યોત, અનાદિઅનંત અકૃત્રિમ અણકરાયેલ અવિનાશી, એવો ચૈતન્યપ્રભુ, એના સ્વભાવમાં તો પરમાનંદ અને શુદ્ધતા ભરી છે. એને પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને સ્વરૂપમાં વસવું એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્મામાં વસવું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ જે ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ના શિષ્ય 'ઉમાસ્વામી'એ કહ્યું. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એ સમ્યગ્દર્શન- જ્ઞાન-ચારિત્ર આત્માની નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય છે. એ આત્મામાં વસે એ પર્યાય કહેવાય છે. નિમિત્ત અને રાગમાં અટકે એને ત્યાં આત્મામાં વસ્યો ક્યાંથી આવ્યો? આત્મામાં વસે તેને આત્માની પૂર્ણ દશા પ્રગટ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : રોગ ઘટે કેવી રીતે?

ઉત્તર : રોગ ઘટે પણ ક્યારે? આત્મામાં રોગ જ નથી. રોગ વિનાની ચીજ અને નિરોગતા દેખે, એમાં ઠરે તો નિરોગતા પ્રગટ થાય. ૧૦૫ ડિગ્રી તાવ ઘટ્યો અને ૯૯ રહ્યો, છ મહિના ચાલ્યો તો એને ક્ષયની શંકા પડી. ૯૯-૯૯ રહ્યા કરે છે, ભાઈસાહેબ! કાંઈક હશે, રાત્રે ઊંનું બહુ રહે છે. રાત્રે ૧૨ વાગ્યા પછી તપે છે. છ મહિના સુધી ન મટે તો એણે અહીં ઈસ્પિતાલ આવવું જોઈએ. એણે 'અમરગઢ'ની ઈસ્પિતાલ ફોટા લેવા આવવું જોઈએ. શું છે? ભઈ! છ મહિનાથી ૯૯, ૯૯, ૯૯ થોડો થોડો રહ્યા કરે છે. એ લાંબો કાળ રહે તો ક્ષયમાં જાય. સમજાણું? એમ મંદ રાગ પણ એમ ને એમ કર્તૃત્વબુદ્ધિએ રહે તો એ ક્ષયમાં-મિથ્યાત્વમાં જાય છે. આહાહા..!

ધર્મ તો આત્માનો નિજ સ્વભાવ છે. જિનેન્દ્રએ ધર્મ કહ્યો, ભગવાને એને ધર્મ કહ્યો. 'ધર્મ પોતાની જ પાસે છે...' ક્યાંય બહાર ગોતવા જાવું પડે એવું નથી. જગતને વ્યવહારથી દેખવું એવી એક વાત લીધી છે, ઠીક છે. બે-ત્રણ વાતું બધી લીધી છે, ઠીક છે, સાધારણ વાત છે. કહો? એ ૪૮ ગાથા (પૂરી) થઈ.

૪૯. **'આશા તૃષ્ણા જ સંસાર-ભ્રમણનું કારણ છે.'**

**आउ गलइ णवि मणु गलइ णवि आसा हु गलेइ।**
**मोहु फुरइ णवि अप्पाहिउ इम संसार भमेइ।।४९।।**

કહે છે, અરે..! આત્મા, આયુષ્ય તો ચાલ્યું જાય છે, ભાઈ! જે કંઈ આયુષ્ય લઈને આવ્યો૮૦-૮૫-૯૦-૧૦૦, એ તો આયુષ્ય ચાલ્યું જાય છે, બાપા! આયુષ્ય ગળે પણ તારી તૃષ્ણા ગળતી નથી. આહાહા..! છે ને? **'આયુષ્ય ગળી જાય છે પરંતુ મન ગળતું નથી.'** કેમકે જ્યાં પરની ભાવના છે તેમાં મન ગળે શી રીતે? આત્મા આનંદસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન વિના તૃષ્ણા ઘટે નહિ. અજ્ઞાનીને આ કરું, આ કરું, આ કરું, આ કરું... પુણ્ય-પાપ કરું, પુણ્ય-પાપ કરું, પુણ્ય-પાપ કરું એ તૃષ્ણા ચાલી જાય છે.

**'ન આશા તૃષ્ણા ગળે છે.'** મોટો થયો એમ અંદર ઊંડે ઊંડે આશા વધ્યે જ જાય, એ આશાના છોડ લાંબા થાય. આશાના બીજડા વાવ્યા હોય ને પછી મોટો થાય, વૃદ્ધ થાય એટલે થઈ રહ્યું, કરી શકે નહિ પછી ઝાંવા મારે, અંદર વિચારના ઝાંવા મારે. આનું આમ થાય તો ઠીક, આનું આમ થાય તો ઠીક.. હવે કાંઈ કરી શકતો નથી. ઠીક થાય કે ન ઠીક થાય, શું કામ છે તારે? આત્માનું ઠીક થાય એટલે તારું કલ્યાણ થાય. સમજાણું? આશા તૃષ્ણા ગળતી નથી.

**'મોહ ભાવ ફેલાતો રહે છે...'** ભગવાનઆત્માના સ્વરૂપની શ્રદ્ધા અને ભાન વિના આ કરું... એમ કહેવા માગે છે. આ પર તરફનું આ કરું, આ કરું એમાં તો તૃષ્ણા વધી જાય છે. એમાં કાંઈ આત્માને એકાગ્ર થવાનો પ્રસંગ છે નહિ.

આહાહા..! આનંદઘનજીએ કહ્યું ને? 'આશા ઔરન કી ક્યા કીજે? આશા ઔરન કી ક્યા કીજે? જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરન કી ક્યા કીજે?' સમજાણું? 'ભટકત દ્વાર દ્વાર લોકન કે કૂકર આશા ધારી' કૂકર આશા કૂતરા હોય છે ને? કૂતરા. 'ભટકત દ્વાર દ્વાર લોકન કે' ભૂખ લાગે (એટલે) બહારમાં જ્યાં ત્યાં ભટકે. બારણા હોય ત્યાં માથું મારે. એ.. ટૂકડો આપજો, એ... બટકું આપજો, એ... બટકું આપજો. એમ આ મૂઢ જ્યાં હોય ત્યાં માન આપજો, મને મોટો કહેજો. મને માન આપજો, મને મોટો કહેજો, મને સારો કહેજો, હું ઊંચો છું એમ કહેજો. એ આશા તૃષ્ણાના ટૂકડા માગવામાં ભિખારી ભમ્યા કરે છે. આહાહા..!

મુમુક્ષુ : હું મોટો છું એવી આશા રાખે, કહેવા ન જાય.

ઉત્તર : કહેવા જાય, જલસો કરે તેને કહેવા જાય. બે-ચારને ખાનગી કહેજો, હોં! હું અહીંથી જાઉં છું ને જલસો તૈયાર કરજો. મારું નામ ન લેશો. સમજાણું? અને પૈસા જોઈતા હોય તો હું આપીશ. બસો-ત્રણસો જોઈતા હોય તો હું આપીશ, પણ જલસો કરજો, જલસો. બધા ભેગા થાય ને બહુ માણસ થાય, હું તો આને લાયક નહોતો પણ મને તમે આ માન આપ્યું એ તમારી મોટપ છે. એમ કરીને એકબીજા માખણ ચોપડે. હેં? હું તો આને લાયક નહોતો પણ એ તમારી મોટપ છે કે તમે બીજાને મોટપ આપો છો. ઓલા પણ ખુશી થાય અને આ પણ ખુશી થાય. જાઓ, મરો બેઈ! બને છે ને આ? એ..ઈ...! આ ઊંધું બને છે આવું. ઓલાને ખાનગી કહે, જુઓ ભાઈ! આટલું કરજો, હોં! મારી આબરુ વધે એટલું થોડું રાખજો. મિત્ર તમે છો ને. પોતે ન કહે, મિત્રની પાસે કરાવે. જગતમાં આમ બને છે. ભિખારીઓ છે, રાંકા છે, માળા! દુનિયા પાસે માન લેવા માગે (છે). આ રાજા, મહારાજા બધા ભિખારા છે. સમજાણું કાંઈ? ભલે કરોડ કરોડના તાલુકા કહેવાય, (પણ) રાંકાના રાંકા છે. ભિખારીમાં ભિખારી (છે). અમને મોટા કહો, અમે રાજા છીએ. અમને મોટા ગણો.

એકવાર અમે જોયું હતું ને! 'પાલીતાણા' દરબાર હતા ને? શું (નામ)? આ ગુજરી ગયા ઈ. અમે (સંવત) ૨૦૦૬ની સાલમાં બહાર નીકળ્યા હતા ને? જવા માટે. રસ્તામાં કણબીઓને એવું મનાવે. તે દિ' 'ગાંધી'નું જોર હતું ને? ઓલામાં ઊભા હતા, નહિ? ઓલા ગામમાં. તમે નહોતા, નહિ? તમે નહોતા ને? ક્યારે કઈ તીથી ને કાળની વાત નથી. ત્યારે આ હતું કે નહિ, એટલી વાત છે. એની લાઈન જુદી છે. ત્યાં આગળ એ બે ઘોડામાં ઊભા હતા. અને બે ઘોડા ઊભા હોય એને કહેતા હતા, સમજ્યા ને? એ.. પટેલો! આમ ન કરજો, એ.. પટેલો! આમ ન કરજો. એ બધાને કહેતા હતા. અરે..! કીધું, આ પણ ભિખારી છે. સમજાણું કાંઈ? ભિખારી છે, આ રાંકા છે, કીધું.

કહે છે, આહાહા! ૪૯ છે ને એ. આયુષ્ય ગળે અને તૃષ્ણા ગળતી નથી. આયુષ્ય જાય તેમ તૃષ્ણા વધે જાય છે. સમજાણું કાંઈ? **'मोहु फुरइ'** અને મોહભાવ ફેલાતો જાય છે. **'अप्पाहिउ णवि'** **'પરંતુ પોતાના આત્માનું હિત કરવાનો ભાવ થતો નથી.'** આહાહા..! વખત ચાલ્યો જાય છે. બધોય માનમાં, સન્માનમાં, મોટપમાં. આ કર્યું ને આ મને માન્યું ને આણે મોટો કર્યો. (જીવન) ચાલ્યું એમાં ને એમાં. આત્માનું હિત કરવાના કાળ બધા ચાલ્યા ગયા. એનું છે ને? ઓલું ગુજરાતી છે ને? શું છે ગુજરાતી? ગુજરાતી છે કે નહિ? કેટલામું છે આ? ૪૯. આમાં ૪૮ હશે. આમાં થોડો ફેર છે, હોં! એકનો ફેર છે.

**મન ન ઘટે આયુ ઘટે, ન ઘટે ઈચ્છા-આશ;**
**તૃષ્ણા મોહ સદા વધે, તેથી ભમતો ખાસ. ૪૮.**

ઘણા શ્લોક કર્યા છે.

**आयु गले मन ना गले, इच्छा आशा न गलंत।**

**तृष्णा मोह सदा बढ़े, या ही भव भटकंत।।४८।।**

હિન્દી છે. અહીં તો એમ કહેવું છે, રાજા ને ભિખારી પરથી કાંઈક મોટપ માગે છે એની તૃષ્ણા વધે જાય અને મોહની સ્થૂળતા વધી જાય અને આત્માનું હિત એને સૂઝતું નથી. આમ જાણે કે, અમે વધી ગયા, મોટા થઈ ગયા, આમ થયા, આમ થયા. આહાહા..! સમજાણું કાંઈ? છોકરા સારા થયા, પછી પેદાશ કર્યે વધે. મૂઢ જાણે કે અમે વધ્યા. શેના વધ્યા?

'શ્રીમદ્દે' ન કહ્યું? 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' લક્ષ્મી વધી. બે કરોડ, પાંચ કરોડ, ધૂળ કરોડ. 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' ૧૬ વર્ષે કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' સોળ વર્ષે (કહે છે). સાત વર્ષે જાતિસ્મરણ હતું. આ 'શ્રીમદ્ રાજચંદ્ર'. ૧૯૮૭માં દેહ છૂટી ગયો. સાત વર્ષે જાતિસ્મરણ પૂર્વ ભવનું જ્ઞાન હતું. સોળ વર્ષે 'મોક્ષમાળા' બનાવી એમાં એમ કહે છે, 'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો. વધવાપણું સંસારનું નરદેહને હારી જવો, એનો વિચાર નહીં અહોહો એક પળ પણ તમને હવો!' લક્ષ્મી વધી, દુકાનો વધી, ઓલા શું કહેવાય તમારા? મોઢા આગળ (બેઠા હોય એને શું) કહેવાય? મુનિમો! મુનિમો વધ્યા, આ વધ્યા. ધૂળેય વધી નથી, સાંભળને! રખડવાનું વધ્યું છે.

મુમુક્ષુ : દેખાય તો છે.

ઉત્તર : દેખાય છે ને! રખડવાનું વધ્યું. હેરાન હેરાન થઈ ગયા છે. જુઓને! ખબર નથી પડતી? હેં? આહાહા! અરે...! 'મુંબઈ' જાય તો એનો છોકરો એની સાથે વાત ન કરે. એને કહે, બાપા! હમણાં મને ફૂરસદ નથી. ઈ જાય તો કહે, બાપા! મને હમણાં ફૂરસદ નથી, હોં! બેસો! જાઓ, ઘરે ખાઈ આવજો. હું નવરો (થાઉં) ને તમારી સાથે ખાવા આવું એની નવરાશ ન હોય.

અહીં તો કહે છે કે, બહારના સાધન વધ્યાથી વધેલો માનવું એ પરિભ્રમણના કારણમાં વધ્યો છે, ગૂંચવાના કારણમાં (વધ્યો છે). નરદેહ, આવો મનુષ્યદેહ મળ્યો.. આહાહા..! માંડ જન્મ, જરા, મરણને ટાળવાનો આ ભવ છે. ભવને ભાંગવાનો ભવ (છે), એમાં ભવને વધારવાના સાધન વધ્યા. પણ આત્માનું હિત સ્ફુરતું નથી, એમ કહે છે. જુઓ! છે ને? '**પોતાના આત્માનું હિત કરવાનો ભાવ થતો નથી.**' સમજાણું? આહાહા..! ચક્રવર્તી જેવી સંપદા ને ઘણી વાત લીધી છે.

અહીં છેલ્લો શબ્દ 'આત્માનુશાસન'નો છે. 'મનુષ્ય સદાય શરીરને પોષે છે અને વિષય ભોગ ભોગવતો રહે છે. આથી વધારે ખરાબ કામ બીજું શું હોય? તે વિષ પીને જીવન ચાહે છે.' ઝેર પીને જીવન ચાહે છે. ભગવાન અમૃતના આનંદકંદમાં અંદર ડૂબે નહિ, અંદરમાં આવે નહિ અને બહારના ભટકમાં ભટકમાં ભટક્યા કરે, (એ) ઝેર પીને જીવન ચાહે છે. તૃષ્ણા વધી જાય. મરતા સુધી તૃષ્ણા વધે જાય, જાય નહિ, પાછો ફરે નહિ. કેમ, 'હરિભાઈ'? પછી ભાઈનું પણ માને નહિ.

એટલે કહે છે, એ બધી તૃષ્ણાને છોડ અને ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ કર. તારા કલ્યાણના પંથ એમાં છે. બાકી બીજે ઠેકાણે કલ્યાણ નથી, બધું અકલ્યાણ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (એપ્રિલ-૨૦૧૮)નું શુલ્ક ઉપકૃત મુમુક્ષુવૃંદ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા**
**પરમાગમસાર ગ્રંથના**
**બોલ-૯૫૪ ઉપર થયેલ ભાવવાહી**
**પ્રવચન, તા. ૨૨-૦૬-૧૯૮૫,**
**પ્રવચન નં. ૫૬૮**
**(વિષય : વિધિ)**

**કંચન, કામિની ને કુટુંબ એ ત્રણ છોડો તો ધર્મ થશે. એમ અજ્ઞાની કહે છે. તે છૂટાં જ પડેલાં છે, તેને હું છોડું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે. આત્મા તેનાથી પર છે ને રાગદ્વેષરહિત છે એવા આત્માનાં ભાનપૂર્વક રાગ છૂટે તો કંચન, કામિની ને કુટુંબનાં નિમિત્ત છૂટ્યાં એમ કહેવાય. નહિતર નિમિત્ત પણ છૂટ્યાં કહેવાતાં નથી. સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે. બાહ્ય ત્યાગ તે ચારિત્ર નથી. અજ્ઞાની કહે છે કે બાહ્ય વસ્તુ છોડો તો અંતરમાં રાગ છૂટશે, પણ તે વાત ખોટી છે. ૯૪૯.**

૨૬૩ પાનું. ૯૫૪. ચારિત્રના વિષયનો બોલ છે. જગતમાં ત્યાગ સંબંધીની પ્રચલિત માન્યતા છે. એમાં ધર્મ થવાને બદલે મિથ્યાત્વ થાય છે. એ વિષય ચાલ્યો. '**કંચન, કામિની ને કુટુંબ એ ત્રણ છોડો તો ધર્મ થશે. એમ અજ્ઞાની કહે છે.**' મમત્વના નિમિત્ત છે એવા જે સંયોગો છે, કિંમતી ગણાય છે એવું સોનું, કુટુંબ, પરિવાર વગેરે એ બધો ત્યાગ કરવાથી ધર્મ થાય છે એમ પ્રચલિતપણે અજ્ઞાનીજનોનો મોટો સમૂહ આમ કહે છે કે ધર્મ કરવો હોય તો ત્યાગ કરો.

એને એમ કહે છે, એ વિષય પ્રત્યે એમ કહેવામાં આવે છે કે '**તે છૂટાં જ પડેલાં છે,...**' પોતાના આત્માથી તે અન્ય દ્રવ્યો હોવાથી, અન્ય પદાર્થો હોવાથી તે પદાર્થો તો છૂટાં જ છે. કોઈ આત્માની સાથે બંધાયેલા નથી. ફક્ત આ જીવનું મમત્વ છે તેથી બંધન છે. રાગ છે તેથી બંધન છે. પોતાના રાગે કરીને પોતે બંધનમાં છે. પદાર્થ તો પદાર્થના સ્થાનમાં છે. બીજો પદાર્થ તો બીજા પદાર્થના પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે. આ આત્મામાં તો આવ્યો નથી. પરિસ્થિતિ તો એ છે, વસ્તુસ્થિતિ તો એ છે. પણ મમત્વ છોડવાને બદલે, તે તે પદાર્થનું ભિન્નપણું જાણીને મમત્વ છોડવાને બદલે એમાં જે પોતારૂપપણું માન્યું છે એ છોડવાને બદલે, પોતારૂપપણું એમ ને એમ રાખે છે અને પદાર્થ છોડવાનો પ્રયત્ન કરે છે અથવા પદાર્થ છોડે છે. સંયોગ બદલે છે. જોકે એના વિકલ્પથી સંયોગ બદલાણો નથી કે ત્યાગ થયો નથી, એ સંયોગ તો છૂટવાનો હતો ને છૂટ્યો. એ પણ એનો અધિકાર તો એમાં નથી જ. છતાં વિકલ્પ અનુસાર ક્રિયા બને પુણ્યયોગ હોય ત્યાં સુધી. પણ પોતે ત્યાગ કર્યાનું અભિમાન સેવે છે કે મેં આ પદાર્થ છોડ્યો. પણ એ સંયોગ તો બદલવાનો હતો અને બદલાયો છે. વિકલ્પ નિમિત્ત થયો પણ એ વિકલ્પ ગ્રહણ ત્યાગનો કર્તા-હર્તા છે એમ તો વસ્તુસ્થિતિ નથી.

તે તે પદાર્થો છૂટા જ પડેલા છે. તે પદાર્થો આત્મામાંથી છૂટા હોવા છતાં તેને મેં ગ્રહણ કર્યા હતા અને હવે હું એને છોડું છું એવી જે માન્યતા છે એ

જ મિથ્યાત્વ છે. જુઓ! ચારિત્રના પ્રસંગને સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સાથે ક્યાં કેવી રીતે સંબંધ છે? એ પણ સમજવું જોઈએ. સમજણને-જ્ઞાનને પણ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સાથે ક્યાં સંબંધ છે? એ પણ સમજવું જોઈએ. સુખ-દુઃખને પણ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન સાથે ક્યાં સંબંધ છે? એ પણ સમજવું જોઈએ. આ બધા સમજવા માટે પ્રયોજનભૂત મુદ્દાઓ છે. અહીંયાં ચારિત્રનો બોલ છે.

લોકો બાહ્ય ત્યાગ કરીને ચારિત્ર પાળે છે. ચારિત્ર પાળતા હોવાનું માને છે. એ ચારિત્ર તો છે નહિ પરમાર્થમાં. અને ધર્મ થતો હોવાનું અને ધર્મ કર્યો હોવાનું માને છે. તેને મિથ્યાત્વનો મોટો અધર્મ થાય છે. ધર્મ તો ત્યાં થતો જ નથી. પણ મિથ્યાત્વનો ત્યાં મોટો અધર્મ થાય છે. હવે એને આકરી એટલે લાગે છે કે આ વાત કે એને ઘણી કિંમત આપીને કહે છે કે અમને તો પૂર્વના યોગથી અમારી પાસે તો બધું હતું. લાખો રૂપિયા હતા, કુટુંબ-પરિવાર હતો. એ બધું છોડીને બેઠા એની તમને કાંઈ કિંમત નહિ? અને ઊલટાનો અમને અધર્મ થાય છે અને મિથ્યાત્વ થાય છે એમ કહો છો. એટલે જરા કઠણ પડે છે. પણ આ કાંઈ કોઈને કહેવા માટે વાત નથી કે કોઈને માઠુ લગાડવા માટે વાત નથી કે કોઈને દુઃખ પહોંચાડવા માટે પણ વાત નથી.

મુમુક્ષુ :- આ વાત સાંભળીને કો'ક કો'ક જીવ..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એવું છે કે આ તત્ત્વની વાત કો'ક જ જીવ ગ્રહણ કરે એવી અનાદિઅનંત જીવસમૂહની પરિસ્થિતિ છે. સાચી વાત કરતા નુકસાન થશે માટે સાચી વાત કરવાનું બંધ કરો.

મુમુક્ષુ :- આ તો વાત જ એવી છે..

પૂજ્ય ભાઈશ્રી :- પણ વસ્તુસ્થિતિ જ એમ છે. વસ્તુસ્થિતિ જ એમ છે કે મમત્વ છોડાવવું છે, એકત્વ છોડાવવું છે. મૂળમાં જ્યાં દોષ થવાનું મૂળ કારણ છે અને અનંત દોષની પરંપરા છે એ મૂળને છેદવું છે. આ ઉપદેશની દવા જીવના રોગને મૂળમાંથી છોડાવવાની છે. આ ત્યાગ કરો ને આ ત્યાગ કરો, આ છોડી દ્યો ને આ ન ખાવું ને આમ કરવું ને આમ સંયમ પાળવો ને આ કરો તે કરો. એમ ઉપર ઉપરથી પાટાપિંડી બાંધવાનો આ માર્ગ નથી. એ તો ચાલે જ છે. દુનિયામાં બધા સંપ્રદાયમાં એમ જ ચાલે છે.

અહીંયાં તો જન્મ-મરણ છૂટે એવું જે સમ્યગ્દર્શનરૂપ કારણ છે અને જન્મ-મરણ થાય છે જેના ગર્ભમાં અનંત જન્મ-મરણ પડ્યા છે એવું મિથ્યાદર્શનભૂત કારણ છે એ વિષય ઉપર જ કેન્દ્રિત કર્યો છે. આખો વિષય ત્યાં જ કેન્દ્રિત કર્યો છે. ગુરુદેવના તમામ પ્રવચોનોનો વિષય ત્યાં કેન્દ્રિત થયો છે. ભાઈ! તારા જન્મ-મરણ ન મટે અને તું ઉપર ઉપરથી ત્યાગાદિ મંદ કષાયની ક્રિયાઓ કર, ક્યાંક શેઠિયો થા, મિથ્યાદષ્ટિપણે પાપ કર ઝાઝા, કાં દેવલોકમાં જઈને પાછો એકેન્દ્રિયમાં જા, એનો શું અર્થ છે? એનો કાંઈ અર્થ નથી. અને ત્રસનો કાળ કેટલો? અનંત કાળમાં ત્રસનો કાળ બહુ મર્યાદિત છે. બે હજાર સાગર પણ ઘણો મર્યાદિત છે. પણ એ તો ઉત્કૃષ્ટ છે. કો'ક જીવ બે હજાર સાગર પૂરો કરે. બાકી તો ઊંધાઈમાં સીધે સીધો નીચે ચાલ્યો જાય છે. આ તો પરિસ્થિતિ છે.

એટલે તો શ્રીમદ્જીએ એવું કહ્યું છે કે અનંત જન્મ-મરણ કરી ચુકેલા આ આત્માની દયા કોઈક પાત્ર જીવને થાય છે. પોતાની દયા આવે એ પાત્ર છે. લ્યો! એમ લીધું છે. અરેરે..! મારું શું? મોટા ભાગના તો સમાજ સામે જોવે છે કે આમાં સમાજને આમ થઈ જશે. આમાં બીજાને આમ થઈ જશે, ઘણાંને આમ થશે. ભાઈની દલીલ એ છે ને? ઘણાંને તો આમ થાય. પણ હવે ઘણાંનું કામ શું છે? તારું કામ છે કે નહિ? ભૂખ તને લાગી હોય તે દિવસે ઘણાં ભૂખ્યા છે એવો વિચાર તો તેં કર્યો નથી કોઈ દિવસ. જ્યારે તને ભૂખ લાગી છે તે દિ' દુનિયામાં ઘણા ભૂખ્યા છે એવો વિચાર તો તું કદી કરતો નથી.

અહીંયાં પણ ઘણાંનો વિચાર કરે છે અને તારો વિચાર છૂટી જાય છે એ એમ સૂચવે છે કે તને ભૂખ લાગી નથી. એમ છે. પાત્ર જીવ તો મને લાભ ક્યાં થાશે? કેમ થાય છે? એની એક જ નજર રહે છે. સીધી એની એક નજર રહે છે. એવી સીધી એક નજર રહેવાને બદલે બીજો બીજો વિચાર આવે કે લોકોને આમ નુકસાન

થશે, સમાજમાં આમ થઈ જશે, ફલાણું આમ થઈ જશે, એને એ પ્રકારની એક વક્રતા છે. આ એક વક્રતાનો પ્રકાર છે. બુદ્ધિની વક્રતા છે.

મુમુક્ષુ :- સ્વાર્થી નહિ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાર્થી તો થવું સારું છે. એને દયા જ આવી નથી પોતાની. એ તો કહ્યું કે પોતાની પોતાને દયા જ આવી નથી. દુઃખી થઈ થઈને એના થોથા નીકળી ગયા તોપણ સમજતો નથી. આ પરિસ્થિતિ છે. આડોડાઈ તે કેટલી? વક્રતા તે કેટલી? કે અનંત જન્મ-મરણ કર્યા, અનંત દુઃખ ભોગવ્યા છતાં પણ એ પોતાના હિતની નજર કેળવતો નથી. મારું હિત કેમ થાય? એ એક જ નજર હોવી જોઈએ. બીજી નજર ન જોઈએ. અને એ પ્રકારે એણે સત્યને વળગવું જોઈએ. સત્યનો આદર કરવો જોઈએ, પરમ આદર કરવો જોઈએ. અને એ સત્ય એવું છે કે સત્યથી કોઈને નુકસાન થતું નથી. કદી કોઈને સત્યથી નુકસાન થયું હોય એ વસ્તુની સ્થિતિમાં નથી. તો તો દુનિયા આખી નાશ પામે. સત્‌નો નાશ થાય. પણ એ પરિસ્થિતિ નથી. એ પણ અણસમજણવાળા જીવોની મિથ્યા કલ્પના છે કે સત્યથી પણ નુકસાન થશે. એવું બનતું નથી.

મુમુક્ષુ :- ... હોય તો .. કરે, બહુમાન આપે એટલે જીવ ફસાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખરો ફસાઈ જાય. ફસાઈ જાય એટલે કેવું! એક તો આ મનુષ્યગતિમાં માન છે એ એની એવી પ્રકૃતિ છે કે એ માનમાં જ ફસાઈ છે. અને એમાં માન મળે એટલે જોવા ઊભો ન રહે કે મારામાં એ માનને લાયક મારી યોગ્યતા છે કે નહિ? એ જોવા ઊભો ન રહે. ફસાઈ જાય તો કેવો ફસાઈ જાય કે વાત ન કરો. ફાંસીને લાકડે ચડવાની વાત છે એ બધી. એમાં માનથી કાંઈ બીજું તો કાઈ મળવાનું નથી પણ ભાવમરણ, એ બધો ભાવમરણમાં ધકેલાઈ જવાનો પ્રકાર છે.

માણસ નથી કહેતા કે ક્યાંય ઉગરવાનો આરો ન હોય ત્યારે લોકો એવું બોલે કે હવે તો ભગવાન બચાવે. એમ જગતમાં માન-સન્માનના એવા પ્રસંગ છે કે અંતરના ભગવાનને વળગે તો એ ભગવાન એને બચાવે, એનો ભગવાન એને બચાવે. નહિતર કાંઈક જરાક કરે તો માન-સન્માન, જરાક કરે તો માન-સન્માન. અથવા એ માન-સન્માન રાખીને, સાચવીને જ બધું ચાલવાનું. એ સિવાય બીજી વાત નહિ. આ પરિસ્થિતિ જગતની છે.

એટલે તો શ્રીમદ્‌જીએ કહ્યું કે માન ન હોત તો મોક્ષ હથેળીમાં હોત. જો અહીંયાં માન ન હોત તો મોક્ષ હથેળીમાં હોત. જ્ઞાની સત્પુરુષને સાંભળે ત્યારે પણ એને એમ થાય કે હું સમજું છું, આ તો મને ખબર છે. આમ ક્યાંનું ક્યાં માન સેવાય જાય છે! ત્યાગ કરે તોપણ ત્યાગનું માન ચડે, શાસ્ત્ર વાંચે તો એનું માન ચડે. એક એવો છૂપો દુશ્મન છે. એટલે શ્રીમદ્‌જીએ એના ઉપર બહુ ધ્યાન ખેંચ્યું છે મુમુક્ષુઓનું. 'માનાદિક શત્રુ મહાન નિજ છંદે ન મરાય.' તું તો એ માનને છોડવા જઈશ તોપણ એ મુશ્કેલ પડશે. બહુ સહેલો રસ્તો બતાવ્યો. 'જાતાં સદ્‌ગુરુ ચરણમાં અલ્પ પ્રયાસે જાય.' બહુ એકદમ સીધી લાઈન બતાવી દીધી છે. જ્ઞાનીના શરણમાં જા, જે મોટો દુશ્મન ક્યાંય તારાથી મરાતો નથી, સહજમાત્રમાં એનો ઘાત થશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આવી જાય તો તો સારું જ છે. જે આવી ગયા ખરેખર એને માટે તો સારું છે. આવ્યા કેમ? એ વિચાર કરવાનો. માન છૂટ્યું હોય તો વિચાર કરવાનો કે આવ્યા છીએ. ન છૂટ્યું હોય તો આવ્યા છીએ એ વાત રહેતી નથી. સોનગઢના સ્વાધ્યાય મંદિરના કમ્પાઉન્ડમાં કીડીઓ ચોવીસ કલાક રહે છે, માખીઓ ચોવીસ કલાક રહે છે, લીમડાઓ એકેન્દ્રિયના જીવો વર્ષોથી ચોવીસે કલાક ત્યાં ને ત્યાં છે. આવી ગયા કે નહિ ચરણમાં? નહિ? એ સંયોગ છે એ કાંઈ એને ચરણ-શરણ છે એમ નથી. સંયોગ થયો માટે. પણ જ્યાં શરણમાં આવતા માન મૂકાઈ જાય ત્યારે સમજાય કે હવે શરણમાં આવ્યા. ન મૂકાય તો સમજવું કે હજી ત્યાંના ત્યાં છે. અનાદિના છે ત્યાંના ત્યાં છે.

બહેનશ્રીએ પણ બહુ માર્ગદર્શન આપ્યું છે એ વિષયમાં કે આત્માર્થીએ માન મળવાના પ્રસંગથી દૂર

ભાગવું. એમણે એમ કહ્યું છે. તને ખબર પડે કે હવે આ બધા ભેગા થઈને મને માન દેવાના છે તો ભાગી જાજે. શું કીધું? દૂર ભાગી જાજે. ભાગી જાજે નહિ પણ દૂર ભાગજે એનાથી. આવી વૃત્તિ એને આવવી જોઈએ. એને સારું લાગવાને બદલે દૂર જવાની એને વૃત્તિ આવવી જોઈએ. તો હજી બચે. તો હજી એને બચવાનો અવકાશ છે. અવકાશ છે હજી. નહિતર તો અવકાશ પણ રહેતો નથી. એમ છે.

એટલે '**હું છોડું છું એ માન્યતા જ,...**' માન સહિતનું '**મિથ્યાત્વ છે.**' લ્યો! એ પરપદાર્થ ઉપરનો એનો અધિકાર જમાવે છે અને ત્યાગનું અભિમાન એમાં થયા વિના રહેતું નથી. એક તો અનાદિનો પર્યાયદૃષ્ટિ છે અને આ બધા પર્યાયના ફેરફારો છે. સંયોગના ફેરફારો એ બધા પર્યાયના ફેરફારો છે એટલે એને એમાં અહંપણું આવ્યા વિના રહેતું નથી. હવે વ્રત કરે ત્યારે આ વરઘોડા કાઢે એનું શું કરવું? એ બધા ફસાવાના પ્રસંગો છે જીવને. લ્યે એમ કે બીજાને પ્રેરણા મળે ને. બીજાને પણ આવા વ્રત કરવાની પ્રેરણા મળે માટે અમે આ બધી જાહેરાત કરીએ છીએ.

મુમુક્ષુ :- અંદર માન પોષાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ માન પોષવા માટે માયા કરે પાછો. એ પાછી માયા થઈ ગઈ. ના, ના. મારી પ્રસિદ્ધિ માટે નથી પણ બીજાને પ્રેરણા મળે ને. એમ દાનમાં, સો રૂપિયાનું દાન દીધું હોય તો મારું નામ કેમ જાહેર ન કર્યું? ન જાહેર થયું તો એમાં શું? આપણે ક્યાં માન (જોઈએ છે). અરે..! એમ નહિ, બીજાને આ તો પ્રેરણા મળે. પણ હવે એ સો રૂપિયામાં બીજાને કેટલી પ્રેરણા મળવાની? પણ એને જોઈએ છે માન અને બીજાને લાભના નિમિત્તે હું આ મારી વાત કરું છું. એમ કરીને માયાચારને પાછો સેવે છે. વક્રતા કાંઈ શીખવી નથી પડતી. અસરળતા, માયા, વક્રતા એ કાંઈ શીખવી નથી પડતું. નાનો બાળક હોય ત્યારથી એને આવડી જાય છે. નિશાળે ન ગયો હોય અને રમતે ચડી ગયો ને ખબર પડી ગઈ હોય ક્યાં ગયો હતો? તો એ ગોટા વાળશે બીજા. એને શીખડાવવું પડે છે કે તું બીજો જવાબ દે એમ? છુપાવ એમ? એટલે એને છુપાવવા માટે કાંઈ શીખવવું પડતું નથી. એ બધા માન અને માયાના પ્રકાર સાથે સાથે એવા જોડાઈ જાય છે, એકબીજાથી એવા એવા ઘેરાઈ જાય છે કે એ તિર્યંચગતિનું જીવને કારણ થઈ જાય છે. મુખ્યપણે એ તિર્યંચગતિનું કારણ છે. મિથ્યાત્વ જ તિર્યંચનું કારણ છે ને. નિગોદમાં જાય છે ને. એ મિથ્યાત્વ પણ ક્રોધ, માન, માયા, લોભમાં માયાની પ્રકૃતિમાં જાય છે. મિથ્યાત્વની જો પ્રકૃતિ પકડીએ તો માયાની પ્રકૃતિ છે. છેતરાય છે ને. માયાથી છેતરાય છે. પોતાના ઉપયોગને સૂક્ષ્મ અને ધીરો કરીને જ્ઞાયકમાં લઈ જવાને બદલે, સીધો ચાલવાને બદલે માર્ગે સીધો ચાલવાને બદલે આડો જાય છે. એ એક વક્રતા થઈ ગઈ, માયા થઈ ગઈ ત્યાં. ત્યાંથી એનું સૂક્ષ્મ સ્વરૂપ શરૂ થઈ જાય છે.

મુમુક્ષુ :- એટલે સરળતા...

ઉત્તર :- એટલે સરળતાને.. બીજા બધા કરતાં વ્યવહારિક સરળતા, પારમાર્થિક સરળતા, સરળતાને સર્વત્ર અનુમોદન આપ્યું છે. કેમ કે એ સરળતાના ફળમાં મનુષ્યગતિ છે. ચાર ગતિમાં પણ કાંઈક સરળતા થઈ હોય ત્યારે મનુષ્યપણું છે. અને એમાં પણ જે પુરુષપર્યાય છે એ વિશેષ સરળતાનું કારણ છે. સ્ત્રીપર્યાય .. પર્યાય એ માયાચારનું ફળ છે પાછું. એ સરળતામાં એટલે હદ સુધી સરળતા, સરળતાનો જ સિદ્ધાંત કરી નાખવો જોઈએ. ભલે ગમે તે લાભ-નુકસાન થાય. લાભ-નુકસાન એટલે બહારમાં જે કાંઈ ગણાતું હોય. સરળતા... સરળતા... સરળ... સરળ... સરળ... સરળ પરિણામ, એકદમ સરળ પરિણામ હોય એ જીવને આ માર્ગે ચડવામાં પ્રતિબંધ ઓછો છે. એને પ્રતિબંધક કારણો ખસવા લાગે છે. બીજા પ્રતિબંધક કારણો પણ માર્ગ આપે છે. એટલે બહુ મોટો વિષય છે સરળતાનો.

એ બધા સંયોગોથી આત્મા પર છે. તેનાથી એટલે એ બધા સંયોગોથી આત્મા પર છે અને મૂળ સ્વરૂપે તો '**રાગદ્વેષરહિત છે...**' શુદ્ધ વીતરાગસ્વરૂપ છે. '**એવા આત્માના ભાનપૂર્વક રાગ છૂટે...**' એવા વીતરાગી સ્વરૂપના ભાનપૂર્વક પરપદાર્થ પ્રત્યેનો રાગ છૂટે, એ '**રાગ છૂટે તો કંચન, કામિની ને કુટુંબના**

**નિમિત્ત છૂટ્યાં...**' કનું એલિટરેશન કર્યું છે. ક.. ક.. ક.. લીધા છે. '**નિમિત્ત છૂટ્યાં એમ કહેવાય.**' એ છૂટ્યા એમ કહેવાય-બોલાય એમ. એ તો છૂટા જ પડેલા છે. પણ જો જીવનો રાગ છૂટે, જેનાથી એ બંધાતો હતો, જેનાથી એ સંબંધ કરતો હતો. જે રાગથી તે સંબંધ કરતો હતો તે રાગ છૂટ્યો એટલે સંબંધ છૂટ્યો. સંબંધ છૂટ્યો એટલે એ પદાર્થ તો છૂટા જ પડેલા છે. પદાર્થ છૂટ્યા એમ પદાર્થ ઉપર આરોપ કરવામાં આવે છે કે આ પદાર્થ છૂટ્યા. વસ્તુતાએ તો એ સંબંધ કરવાવાળો ભાવ છોડ્યો છે. અને નુક્સાન કરે છે એને ભાવ. સંયોગ નુક્સાન નથી કરતું પણ એને એનો પોતાનો ભાવ નુક્સાન કરે છે.

જો સંયોગ નુક્સાન કરે તો ભગવાન અરિહંતને સમવસરણનું નુક્સાન થવું જોઈએ. સમવસરણમાં જગતનો સર્વોત્કૃષ્ટ વૈભવ ખડકાઈ ગયો છે. જે ઈન્દ્રના કુબેર ધનપતિએ જે રચના કરી એને આશ્ચર્ય થયું કે અરે..! આ તો મારી ધારણા બહારની રચના છે. એટલો વૈભવનો ત્યાં ઢગલો થઈ ગયો. તો અરિહંત ભગવાનને એનો પરિગ્રહ ગણશો કે નહિ? એ પરિગ્રહ ભગવાનને બિલકૂલ નથી. પણ આટલી બધી ઝાકઝમાળ છે. જ્યાં દિવાબત્તી કરવાનો પ્રશ્ન નથી. એટલો તો પ્રકાશ સ્વયં ત્યાંના પદાર્થોનો છે. ભગવાનનું શરીર પણ એટલું તેજોમય છે અને સમવસરણના પદાર્થો પણ ત્યાં કોઈ ઈલેક્ટ્રિકના દોરડા લગાડવા પડતા નથી. પણ ભગવાનને સંબંધ નથી. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા.' એની સન્મુખ-સામું જોતા નથી. ભગવાન એની સામે પણ જોતા નથી. એટલે એમને પરિગ્રહ નથી. સંયોગથી પરિગ્રહ નથી પણ મમત્વથી પરિગ્રહ છે.

મુમુક્ષુ :- મૂર્છા પરિગ્રહ.

પૂજ્ય ભાઈશ્રી :- મૂર્છા પરિગ્રહ. ઉમાસ્વામીનું સૂત્ર છે. મૂર્છા પરિગ્રહ. પરપદાર્થ પ્રત્યે આસક્તિવશ મૂર્છા થાય છે. આસક્તિ થાય છે સુખના આભાસથી કે આ મને સુખનું કારણ છે એમ એમાં સુખ એને ઝાંઝવાના જળની જેમ દેખાય છે. છે તો નહિ. એવી જે મૂર્છા થાય છે ત્યારે એને પરિગ્રહ કહેવામાં આવ્યો. ત્યારે એ પદાર્થનું નામ પાડ્યું પરિગ્રહ. જીવની મૂર્છા થઈ ત્યારે. જો મૂર્છા ન થાય તો (પરિગ્રહ કહેવાય નહિ). ભગવાનને સમવસરણ કહેવાય પાછું, જગત એમ કહે કે આ ફલાણા ભગવાનનું સમવસરણ છે. ભગવાનની માલિકીનું છે ત્યાં? નામ લખ્યું હોય સીમંધર દેવાય નમઃ. દરવાજા ઉપર નામ લખે સીમંધર ભગવાનના સમવસરણમાં-સીમંધર દેવને નમસ્કાર. આ સીમંધર ભગવાનનું સમવસરણ છે. સીમંધર ભગવાન કહે, મારે લેવા કે દેવા. કાંઈ મારે સંબંધ નથી. પૂર્વના પુણ્ય છે એટલે નામ જોડાય છે. છતાં ભગવાન વીતરાગ હોવાથી એને તો રાગનો અનંતમો અંશ પણ નથી. તો એમને પરિગ્રહ નથી એમ કહી શકાય. એમને પરિગ્રહ છે એમ કહી શકાય? પરિગ્રહ નથી એમ કહેવાય.

એ છૂટ્યા છે એમ કહેવાય. મમત્વ નથી તેથી છૂટ્યા એમ કહેવાય. પહેલા મમતા થઈ હોય, પછી મમતારહિત થાય તેથી એને છૂટ્યા એમ કહેવામાં આવે છે. પહેલા મમતા ન કરી હોય તો છૂટ્યા એ પ્રશ્ન નથી રહેતો. એવો ઉપચાર કરવાનો પણ પ્રશ્ન નથી રહેતો. નહિતર એમ કહે કે પણ છૂટ્યા શું કરવા કહો છો? એ છૂટ્યા એમ કહો છો તો અમને છોડવાનો અંદર વિચાર આવી જાય છે. ભાઈ! એ છૂટ્યા એમ કહેવા પાછળ આશય એ છે કે પહેલા એ જીવ મમત્વ કરતો હતો, હવે એણે મમત્વ છોડ્યું છે. મારાપણું ભાસતું હતું એ હવે મારાપણું એને ભાસતું નથી. પરપદાર્થો જણાય છે ખરા પણ એને એમાં મારાપણું ભાસતું નથી.

દૃષ્ટાંત લઈએ છીએ ને કે મુનિરાજ જે નગરમાં પહેલાં પોતે નિવાસ કરતા હોય એ નગરમાં આહાર અર્થે આવી ચડે. એના જ કુટુંબ પરિવાર... કહેવાતા એના હોં! એમને તો છે નહિ હવે. ખબર પડે તો દર્શન કરવા પણ જાય. વંદન, નમસ્કાર, સ્તુતિ કરે, પ્રદક્ષિણા કરે બહુમાનથી. અને બીજા પણ કરે ગામના. નગરજનો પણ કરે અને એના કુટુંબીજનો પણ કરે. તો એ મુનિરાજને એમાં કાંઈ વહેંચણી થતી હશે કે નહિ થતી

હોય? કે આ મારા કુટુંબના છે સભ્યો, આ ગામના છે. એમ કાંઈ દેખાતું હશે કે નહિ? એ દેખાતું નથી. આ પ્રયોગ કરવા જેવો વિષય છે. એને એ મારા દેખાતા નથી. આ વિશિષ્ટતા છે.

મુમુક્ષુ :- આ પ્રયોગ પહેલાથી થાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પહેલાથી જ થાય છે ને. પહેલાથી જ થાય છે. પછી તો એ ચારિત્રમાં બીજાને દેખાય એમ થાય છે. પહેલો જે થાય છે એ અભિપ્રાયપૂર્વક અને માન્યતાપૂર્વકનો છે. એમાં માન્યતા છૂટે છે, પોતાપણાનો અભિપ્રાય છૂટી જાય છે. પછી તો જગત જોવે એમ બીજાને પણ ખબર પડે છે કે આને મારાપણું દેખાતું નથી. અત્યારે કાગળ લખીને રૂપિયા મોકલાવે એ તો પ્રશ્ન જ નથી. કરે છે કે નહિ? બીજાને કાગળ લખાવે કે ભાઈ! અહીં કાંઈ તકલીફ નથી. હવે અમે પહોંચ્યા છીએ, વિહાર કરતા કરતા અહીં આવ્યા છીએ. પણ હવે એને શું કામ છે તમે ક્યાં છો એ. તમારું એને કામ નથી અને એને તમારું કામ નથી. વળી કાંઈ તકલીફ હોય તો લખજો. અમે કાંઈક શ્રાવકો પાસેથી વ્યવસ્થા કરશું. તમારી તકલીફ મટાડી દઈશું.

મુમુક્ષુ :- સારું કાર્ય કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- સારું કાર્ય કહેવાય કે હિન કાર્ય કહેવાય? જે કુટુંબ-પરિવારથી છૂટો પડ્યો એ કુટુંબ-પરિવારની અનુકૂળતા અને પ્રતિકૂળતા ઉપર લક્ષ જાય તો એ ક્યાં છૂટો પડ્યો છે એ? એ છૂટો પડ્યો જ નથી. કુટુંબમાં જ છે. એની વૃત્તિએ તો એ કુટુંબમાં જ છે. પણ હવે એ વિહાર કરે ત્યાં બીજા એના નજીકમાં હોય તો એના કુટુંબીજનો દર્શન કરે તો કહે, આ તો આપણા કુટુંબના મહારાજ છે. .. પામર દશા થઈ ગઈ છે. જૈનના વાડામાં આ કંગાળ, આ ધર્મદારિદ્રય છે. ધર્મ અંગેની આ દરિદ્રતા છે. બહુ મોટી દરિદ્રતા છે. જે ધર્મ સિંહવૃત્તિએ થાય છે, નિરાલંબ નિરપેક્ષ જે દ્રવ્ય છે અને એના પરિણમનમાં, ધર્મના પરિણમનમાં પણ નિરપેક્ષતા છે. નિરપેક્ષ પરિણમન છે ધર્મનું. અપેક્ષિત પરિણમન નથી. ત્યાં આવી બધી સ્થિતિ એ પરિસ્થિતિની દરિદ્રતાને જાહેર કરે છે. કંગાળતા છે એ બધી.

કહે છે કે રાગ છૂટી જાય ત્યારે એને છૂટવાનો આરોપ પણ એટલા માટે છે કે પહેલાં એણે મમત્વ કર્યું હતું. જો રાગ ન છૂટે તો બાહ્ય ત્યાગને લીધે '**નિમિત્ત પણ છૂટ્યાં કહેવાતાં નથી.**' નહિતર તે નિમિત્ત પણ છૂટ્યા એવો વ્યવહાર ઉપચાર એને લાગુ પડતો નથી. પણ ત્યાગ તો કર્યો જ છે. નથી કર્યો. ખરેખર એણે નથી કર્યો. હજી એનો જીવ ત્યાં વળગી રહ્યો છે. ત્યાગ એણે કર્યો નથી. પણ કોઈ એમ કહે કે એ તો વળગી રહ્યો એનો ભલે વળગી રહ્યો, પણ અમે તો ત્યાગ કર્યા પછી અમને વિકલ્પ જ આવતો નથી. તો ત્યાગ અમારો સાચો કે નહિ? દ્રવ્યે સંયોગ નથી અને ભાવે વિકલ્પ નથી. એમ દ્રવ્ય અને ભાવથી અમે ત્યાગ કર્યો ગણવો કે ન ગણવો? તું ક્યાં ઊભો છો એના ઉપર નક્કી (થાય) છે. તે વાતનો નિશ્ચય અમે ત્યાગથી નહિ કરીએ, પણ તે શું ગ્રહણ કર્યું છે એનાથી કરશું. એમ છે. એ બધા પદાર્થ દ્રવ્ય અને ભાવના અભાવસ્વરૂપ જે આત્મા છે એનું ગ્રહણ છે? એના અસ્તિત્વનું ગ્રહણ છે? તો તારો ત્યાગ અમે નક્કી માનીએ. નહિતર કાંઈક તે બીજા રાગના આધારે આ ત્યાગ કર્યો છે કે હું તો મુનિ છું. હું મુનિ છું. મુનિપણાનો રાગ કર્યો. મિથ્યાદષ્ટિપણે મુનિપણાના રાગમાં ત્યાગ કર્યો હોય અને તને દ્રવ્યે-ભાવે સંયોગ ન દેખાય તોપણ એ ખરેખર ત્યાગ નથી. આમ છે. લોકો તો વાહ વાહ કરે. તમને વિકલ્પ નથી? આમ તો ત્યાગ કરી નાખ્યો પણ તમને વિકલ્પ ન આવે? આ તો બહુ મોટી વાત કહેવાય. બહુ મોટી વાત કહેવાય. એ વાત અહીંયાં નથી. નાસ્તિની કિંમત તો અસ્તિપૂર્વક છે. લોકો તો નાસ્તિને જ જોવે છે. આ વિષયમાં અજાણ્યા હોવાને લીધે લોકો તો નાસ્તિની ત્યાગની એટલી બધી કિંમક કરે છે કે વાત મૂકી દ્યો. અહીંયાં કહે છે કે નહિ. તારી પાસે અસ્તિ શું છે એ વાત કર. પછી નાસ્તિનો વિચાર કરશું. ત્યાં સુધી નાસ્તિ સામે જોવાનું કે એને કિંમત આપવાનું એ વાત બરાબર નથી.

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં....)**



## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૧૭)

કલકત્તા
૨૫-૭-૫૪

**શ્રી કહાનગુરુદેવાય નમઃ**

**આત્માર્થી... સોનગઢ, નિહાલચંદ્રના ધર્મસ્નેહ.**

આશા છે કે પૂજ્ય 'ગુરુદેવ' સુખશાંતિમાં બિરાજતા હશે. મુમુક્ષુમંડળ પ્રતિક્ષણ આત્માશ્રિત સુખની વૃદ્ધિમાં મગ્ન હશે.

આપનો પત્ર યથાસમય મળ્યો હતો. અજમેરમાં તો હું લગભગ ૧૫-૨૦ દિવસ જ રહ્યો હતો. આપે લખ્યું કે 'વિકલ્પનું કાંઈ કાર્ય આવ્યું નહીં.' આપણો તો સિદ્ધાંત પણ એ જ છે કે, વિકલ્પને અનુકૂળ કાર્ય થાય જ એ આવશ્યક નથી; વિકલ્પ વિકલ્પમાં અને કાર્ય કાર્યમાં.

મોક્ષમાર્ગીને કુટુંબીજનો વચ્ચે સુખ મળતું જ હોય એ કલ્પના જ ખોટી છે.

**'જાલસો જગ-નિવાસ, ભાલસો ભુવનવાસ ।**
**કાલસો કુટુમ્બ કાજ, લોકલાજ લારસી ।।'**

**બનારસીદાસ**

**(જાળ જેવો જગનિવાસ, ભાલા જેવો ભુવનવાસ;**
**કાળ જેવો કુટુંબ કાજ, લોકલાજ લાળ જેવી).**

તેને તો નિરંતર આત્મરમણતા જોઈએ. 'અરે, જેને ધાર્મિકજનોનો સંગ પણ રુચતો નથી, તેને કુટુંબસંગ તો કેવી રીતે રુચિ શકે !' અરે, વિકલ્પ આશ્રિત પદાર્થથી પણ લાભ નથી, સાથે જ વિકલ્પથી પણ લાભ નથી.

આપે લખ્યું છે કે, 'નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો છે કે તીવ્ર ભાવના હોય તો પાપનો ઉદય પલટીને પુણ્યનો ઉદય થઈ જાય.' વિકલ્પાનુસાર પદાર્થની પ્રાપ્તિ થવી-એ પુણ્ય નથી, પરંતુ તીવ્રતા પલટીને મંદતા થવી-તે પુણ્ય છે; તેથી રાગ છૂટી જાય અથવા ઓછો થાય તેમાં સુખ છે, પદાર્થ મળવામાં (સુખ) નથી. તેથી જ આત્માશ્રિત રાગની મંદતા થાય-એ જ ભાવના છે.

'ગુરુદેવ' કહે છે-'ઇચ્છામાં સાવધાનપણું જ્ઞાનીને નથી, પોતાના સ્વભાવનું સાવધાનપણું ચૂકીને પર પદાર્થમાં સાવધાનપણું જ્ઞાની કરતો નથી.' જ્ઞાનીને ઇચ્છાની ઇચ્છા નથી. પ્રદેશે પ્રદેશે હું માત્ર ચૈતન્ય-ચૈતન્ય તેમ જ આનંદ ને આનંદથી જ ઓતપ્રોત વસ્તુ હું છું. પર્યાયમાં સ્વરૂપરચના આપ મેળે જ થયા કરે છે-ઇચ્છાને તોડું, સ્વરૂપની વૃદ્ધિ કરું-એવા વિકલ્પોનો સહજ સ્વભાવમાં સહજ રીતે જ અભાવ છે. અરે ! સહજ શુદ્ધ પર્યાયનો પણ જે ત્રિકાલી ધ્રુવ વસ્તુમાં સહજ જ અભાવ છે, એવી નિત્ય વસ્તુ હું છું, ત્રિકાલી પરિપૂર્ણ છું. એવી દૃષ્ટિ એક વાર અવશ્ય અવશ્ય થઈ જાય-તો બસ, સુખ સમુદ્રનો દરિયો એકદમ ઊમટી પડશે, પરને માટે વિકલ્પ કરવો નકામો છે. અરે ! હું અન્યથી નિરપેક્ષ જ અત્યારે જ પરિપૂર્ણ છું. એકવાર આવી તીવ્ર ભાવના થવી જોઈએ, જેથી સામાન્ય વસ્તુના બોધનો અવસર આવે. 'પરમાં સાવધાનીપણું નહીં પણ સ્વમાં સાવધાનીપણું હોવું જોઈએ.'

અરે દ્રવ્ય સામાન્ય ! તારા પ્રતાપથી ઢળેલો પર્યાય (પરિણામ) પણ સહજ ઊભો થઈ જાય છે. અનાદિકાળનો બોજો પ્રતિક્ષણે હઠતો જાય છે અને ઉત્તરોત્તર સુખની વૃદ્ધિ થતી જાય છે. ધન્ય છે તારો બોધ ! 'ગુરુદેવ' કહે છે

'જ્ઞાનીને જ્યાં સ્વરૂપનિધાન પ્રગટ્યું ત્યાં પર્યાયમાં (શરીરમાં નહીં, પરિણામમાં) જુવાની આવી જાય છે, નિર્ભયતા અને નિઃશંકતા થઈ જાય છે. ક્ષણે ક્ષણે અબંધ સ્વરૂપ પ્રગટ થતું જાય છે. વર્તમાન પુણ્યભાવ થાય અને એનું ફળ હજો-એવી વાંછા જ્ઞાનીને નથી !'

કીચડમાં ધસતાં ભય વૃદ્ધિ પામતો જાય છે પણ ચૈતન્યમાં ધસતાં નિર્ભયતા વૃદ્ધિ પામતી જાય છે. હું ચૈતન્ય ચૈતન્યમાં જ ચાલું છું, જડ જડમાં, વિભાવ વિભાવમાં. નિત્ય એવા મારામાં મારા પર્યાય (પરિણામ)નો પણ પ્રવેશ નથી, બીજાની તો વાત જ શી ? અરે ! પરિણામ પરિણમે છે અને એ જ સમયે હું અપરિણામી છું. અરે ભગવાન કારણપરમાત્મા ! તારું દર્શન થતાં જ વિભાવની પીઠ દેખાવા લાગે છે. તારું યથાર્થ ભાન થયા વિના પૂર્વમાં પરિણામ આશ્રિત પરિણામોનો એટલો તીવ્ર બંધ કરી ચૂક્યો હતો કે તેની અવધિ પૂરી થવા માટે તારા દર્શન સ્વાભાવિક થવા યોગ્ય હતાં જ. અરે ચૈતન્ય ! તારી આટલી વિશાળતા આશ્ચર્યાન્વિત બનાવી દે છે. હે 'ગુરુદેવ' ! આપ કેટલી વિશાળતા સુધી ફેલાઈ ચૂક્યા છો. વિશાળતાયે છે ને સાથો સાથ જ નક્કરપણું પણ. હે 'ગુરુદેવ' ! આપની વાણીનો સ્પર્શ થતાં જ જાણે વિશ્વની ઉત્તમોત્તમ વસ્તુ પ્રાપ્ત થઈ ગઈ. શું હું મુક્ત થનારો છું. અરે ! શાસ્ત્રોમાં જે મુક્તિનો આટલો મહિમા વખાણ્યો છે તેને આપના શબ્દ માત્રે આટલો સરળ બનાવી દીધો. શું વિશ્વમાં હવે બીજી પણ કંઈ ઈચ્છા બાકી રહી ગઈ ? અરે નિરિચ્છક વસ્તુ ! રાગરહિત અતીન્દ્રિય આનંદનો અપૂર્વ સ્વાદ, અપૂર્વ સહજ જ્ઞાનકલા !

'ગુરુદેવ' કહે છે કે, 'મારું જ્ઞાનતત્ત્વ જ મને ગમ્ય છે. ગમે તે ક્ષેત્ર હોય પણ પોતાના જ્ઞાનમાં જ વ્યાપીને રહેવું છે. જ્ઞાની પુણ્ય-પાપ (વિકારીભાવ) શરીરના નિમિત્તમાં અવગાહન કરતો નથી, પણ પોતાના જ્ઞાનસ્વરૂપી ગગનમંડળમાં જ વ્યાપે છે.' જોઈ 'ગુરુદેવ'ની જ્ઞાનાનંદમસ્તી !

'ગુરુદેવ'ની કથનશૈલી તો જુઓ,-તેઓ કહે છે કે-'અશુદ્ધતા રોકાઈ જાય છે એટલે કે અશુદ્ધતા પ્રગટ જ થતી નથી, તેને અશુદ્ધતાને રોકી એમ કહેવાય છે.'

અજ્ઞાન દશામાં ચૈતન્ય ગાંઠ કર્મોના સંગે ક્યારેક આ તરફ ઢળે છે અને ક્યારેક પેલી તરફ; પરંતુ ભાનદશામાં એવો બોધ થાય છે કે 'અરે ! પરિણામનું પરિણમન થઈ ગયું અને હું તો એવો ને એવો જ રહી ગયો'- એવું હું ત્રૈકાલિક નિત્ય, ધ્રુવ અદ્‌ભુત રત્ન છું.

'ગુરુદેવ'ના ચરણોમાં રત મુક્તિ-મંડલીમાં મારા ઉત્તર (આગામી) કાળના સ્થાનનું નિશ્ચિત ભાન છે, પરંતુ અરે ! આ તો જડ પદ છે, મારું તો ચૈતન્ય પદ છે.

**'નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો, માત્ર મનનો આમળો;**
**ગુરુદેવ કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.'**

અનુભવ લેખનીમાં વ્યક્ત કરી શકાતો નથી.

**ધર્મસ્નેહી**
**નિહાલચંદ્ર**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



**પ્રશ્ન :-** ક્રમબદ્ધપર્યાય માનવાથી પુરુષાર્થ ઊડી જાય છે તે સાચું છે?

**સમાધાન :-** જે ક્રમબદ્ધ છે તે પુરુષાર્થપૂર્વક છે. ક્રમબદ્ધ જે યથાર્થ માને તેમાં પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધ સાચું માન્યું ત્યારે કહેવાય કે જેમાં પુરુષાર્થ સાથે હોય તો માન્યું છે. પુરુષાર્થપૂર્વકનું ક્રમબદ્ધ છે. આમ જ થવાનું છે તેવો નિર્ણય પુરુષાર્થનું બળ અને પરાક્રમ સૂચવે છે. પુરુષાર્થપૂર્વક ક્રમબદ્ધ ન માને તો તે ક્રમબદ્ધને માનતો જ નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૭)**

❈

**પ્રશ્ન :-** પોતાની શુદ્ધ પર્યાય સાથે તત્પણું ઘટે કે અતત્પણું ઘટે છે?

**સમાધાન :-** પોતાની શુદ્ધ પર્યાય સાથે તત્પણું છે, અને અતત્પણું પણ છે. શુદ્ધ પર્યાયરૂપે આત્મા પરિણમે છે તે તત્પણું છે, અને પર્યાય જેટલો આત્મા નથી, અર્થાત્ આત્મા તો અખંડ છે જ્યારે પર્યાયનું સ્વરૂપ ક્ષણ પૂરતું છે; માટે પર્યાય સાથે અસતપણું છે. આમ પોતાની પર્યાય છે માટે તત્પણું અને પર્યાય ક્ષણ પૂરતી છે માટે અતત્પણું છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૮)**

❈

**પ્રશ્ન :-** સ્થૂલ ઉપયોગકો સૂક્ષ્મ કરકે ભીતર જાનેકી વિધિ ક્યા?

**સમાધાન :-** વિધિ તો અપનેકો કરનેકી હૈ. સ્થૂલ ઉપયોગકો સૂક્ષ્મ કરનેકે લિયે અંતરમેં જાના, સ્વભાવ કો પીછાનના. અપના માર્ગ અપને હાથમેં હૈ. બાહ્યદૃષ્ટિ કરનેસે ઉપયોગ સ્થૂલ હો જાતા હૈ ઔર ભીતરમેં દૃષ્ટિ કરનેસે-સ્વભાવકો ગ્રહણ કરનેસે-ઉપયોગ સૂક્ષ્મ હોતા હૈ. સ્વભાવમેં ગહરા જાનેસે ઉપયોગ સૂક્ષ્મ હોતા હૈ. પ્રજ્ઞાછીણીસે સ્વભાવકો ગ્રહણ કરે તો ઉપયોગ સૂક્ષ્મ હોતા હૈ ઔર વહ બહાર જાતા હૈ તો સ્થૂલ હોતા હૈ.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૧૯)**

❈

**પ્રશ્ન :-** પરાશ્રિતજ્ઞાન સર્વથા હોય છે તો પરની જાણકારી હેય છે ને?

**સમાધાન :-** પરાશ્રિતજ્ઞાન એટલે પરનો આશ્રય લેતું જ્ઞાન તે હેય છે. કારણ કે તેમાં પર તરફ જવાથી રાગ થાય છે, એકત્વબુદ્ધિ થાય છે માટે તે હેય છે. પણ કાંઈ જ્ઞાન હેય નથી. પરની સાથે એકત્વબુદ્ધિ કરવી, રાગ કરવો, તે હેય છે. વળી પરનો આશ્રય લેતાં જ્ઞાનોપયોગ ખંડ ખંડ થઈ જાય છે. (તેથી તેને હેય કહ્યો છે.) જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. વીતરાગદશા પ્રગટ થાય ત્યારે સ્વ ને પરને જાણવારૂપ સહજ જ્ઞાન હોય છે, પરને જાણવા જતો નથી. આ જાણવું-આ જાણવું તેમ ફાંફાં મારવાનાં નથી, એક આત્માને જાણે તેમાં બધું આવી જાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૦)**

❈

**પ્રશ્ન :-** સ્વને જાણ્યા વગર એકાંતે પરને જાણવું તે શું હેય છે?

**સમાધાન :-** પરનું જાણવું તે હેય નથી; પણ પરમાં નિમગ્નતા કરવી તે હેય છે. એકલા પરને જાણે અને જ્ઞાયકને ન જાણે ત્યાં જ્ઞેયમાં નિમગ્ન થતો હોવાથી તે હેય છે. જ્ઞાન નિમગ્નતા એટલે આત્મામાં રહેવું. જ્ઞાનમાં જ્ઞેય સહજ જાણવામાં આવે છે, પણ તે જ્ઞેયમાં રાગ કરવો અને નિમગ્નતા કરવી તે હેય છે. એકલા પરને જાણવું તે યથાર્થ નથી, પણ આત્માને જાણીને પરનું જાણવું તે યથાર્થ છે. સ્વપૂર્વક પરને જાણે તે યથાર્થ છે. એકલા પરને જાણવું તે વિપર્યય છે, મિથ્યાત્વ સાથેનું મિથ્યાજ્ઞાન છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૨૧)**






## પૂજ્ય ભાઈશ્રી સમાધિ દિવસ

મુમુક્ષુઓના તારણહાર, આત્મબોધ દાતા, નિષ્કારણ કરુણામૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિ દિને, દર વર્ષની માફક આ વર્ષે પણ મુંબઈ, આગ્રા, કોલકાતા, અમદાવાદ, સોનગઢ ઈત્યાદિ સ્થળેથી મુમુક્ષુઓએ આવીને સ્વયંનો વૈરાગ્યભાવ તથા આત્મભાવના પુષ્ટ કરી પૂજ્ય ભાઈશ્રી પ્રત્યે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. અંતિમ દિવસે પ્રાતઃકાળે પ્રવચન બાદ તેમના સમાધિ સ્થળે જઈ સર્વ મુમુક્ષુઓએ ભક્તિ ભાવના વ્યક્ત કરી.

## નવીન પ્રકાશન
## અધ્યાત્મ સુધા ભાગ-૧૧

પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા થયેલ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા ભાગ-૧૧' પ્રકાશિત કરવામાં આવેલ છે. જે મુમુક્ષુ ભાઈ-બહેનઓ સ્વાધ્યાયાર્થ મંગાવવું હોય તેઓ ટ્રસ્ટના કાર્યાલયમાં સંપર્ક કરી મંગાવી શકે છે.

સંપર્ક :- વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧.




**૧૭૬**

**મુંબઈ, કાર્તિક વદ ૯, શુક્ર, ૧૯૪૭**

**જીવનમુક્ત સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ, મોરબી**

મુનિ દીપચંદજી સંબંધી આપનું લખવું યથાર્થ છે. ભવસ્થિતિની પરિપક્વતા થયા વિના, દીનબંધુની કૃપા વિના, સંતના ચરણ સેવ્યા વિના ત્રણે કાળમાં માર્ગ મળવો દુર્લભ છે.

જીવને સંસારપરિભ્રમણનાં જે જે કારણો છે, તેમાં મુખ્ય પોતે જે જ્ઞાન માટે શંકિત છીએ, તે જ્ઞાનનો ઉપદેશ કરવો, પ્રગટમાં તે માર્ગની રક્ષા કરવી, હૃદયમાં તે માટે ચળવિચળપણું છતાં પોતાના શ્રદ્ધાળુને એ માર્ગ યથાયોગ્ય જ છે એમ ઉપદેશવું, તે સર્વથી મોટું કારણ છે. આમ જ આપ તે મુનિના સંબંધમાં વિચારશો, તો લાગી શકશે.

પોતે શંકામાં ગળકાં ખાતો હોય, એવો જીવ નિઃશંક માર્ગ બોધવાનો દંભ રાખી આખું જીવન ગાળે એ તેને માટે પરમ શોચનીય છે. મુનિના સંબંધમાં આ સ્થળે કંઈક કઠોર ભાષામાં લખ્યું છે એમ લાગે તોપણ તેવો હેતુ નથી જ. જેમ છે તેમ કરુણાર્દ્ર ચિત્તે લખ્યું છે. એમ જ બીજા અનંતા જીવ પૂર્વકાળે રખડ્યા છે, વર્તમાનકાળે રખડે છે, ભવિષ્યકાળે રખડશે.

જે છૂટવા માટે જ જીવે છે તે બંધનમાં આવતો નથી આ વાક્ય નિઃશંક અનુભવનું છે. બંધનનો ત્યાગ કર્યે છૂટાય છે, એમ સમજ્યા છતાં તે જ બંધનની વૃદ્ધિ કર્યા કરવી, તેમાં પોતાનું મહત્ત્વ સ્થાપન કરવું, પૂજ્યતા પ્રતિપાદન કરવી, એ જીવને બહુ રખડાવનારું છે. આ સમજણ સમીપે આવેલા જીવને હોય છે, અને તેવા જીવો સમર્થ ચક્રવર્તી જેવી પદવીએ છતાં તેનો ત્યાગ કરી, કરપાત્રમાં ભિક્ષા માગીને જીવનાર સંતના ચરણને અનંત અનંત પ્રેમે પૂજે છે, અને જરૂર તે છૂટે છે.

દીનબંધુની દૃષ્ટિ જ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહીં; બંધાવાના કામીને છોડવો નહીં. અહીં વિકલ્પી જીવને એવો વિકલ્પ ઊઠે કે જીવને બંધાવું ગમતું નથી, સર્વને છૂટવાની ઈચ્છા છે, તો પછી બંધાય છે કાં? એ વિકલ્પની નિવૃત્તિ એટલી જ છે કે, એવો અનુભવ થયો છે કે, જેને છૂટવાની દૃઢ ઈચ્છા થાય છે, તેને બંધનનો વિકલ્પ મટે છે; અને એ આ વાર્તાનો સત્સાક્ષી છે.

એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઈચ્છા છે, અને એક બાજુથી અલખ 'લે'માં સમાઈ જવું એમ રહે છે. અલખ 'લે'માં આત્માએ કરી સમાવેશ થયો છે, યોગે કરીને કરવો એ એક રટણ છે. પરમાર્થનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે, અલખ સમાધિ પામે તો સારું અને તે માટે કેટલુંક મનન છે. દીનબંધુની ઈચ્છા પ્રમાણે થઈ રહેશે.

અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છીએ; અબધુ કરવા માટે ઘણા જીવો પ્રત્યે દૃષ્ટિ છે.

મહાવીર દેવે આ કાળને પંચમકાળ કહી દુષમ કહ્યો, વ્યાસે કળિયુગ કહ્યો; એમ ઘણા મહાપુરુષોએ આ કાળને કઠિન કહ્યો છે; એ વાત નિઃશંક સત્ય છે. કારણ, ભક્તિ અને સત્સંગ એ વિદેશ ગયાં છે, અર્થાત્ સંપ્રદાયોમાં રહ્યા નથી અને એ મળ્યા વિના જીવનો છૂટકો નથી. આ કાળમાં મળવાં દુષમ થઈ પડ્યાં છે, માટે કાળ પણ દુષમ છે. તે વાત યથાયોગ્ય જ છે. દુષમને ઓછા કરવા આશિષ આપશો. ઘણુંય જણાવવાની ઈચ્છા થાય છે, પણ લખવાની કે બોલવાની ઝાઝી ઈચ્છા રહી નથી. ચેષ્ટા ઉપરથી સમજાય તેવું થયા જ કરો, એ ઈચ્છાના નિશ્ચળ છે.

**વિ. આજ્ઞાંકિત રાયચંદના દંડવત્.**

## પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૦૭મી જન્મજયંતિ પ્રસંગે
## કોટી કોટી વંદન
## ધન્ય ગુરુ! ધન્ય શિષ્ય!!



**પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણનું આ એક પાત્ર છે. સોનગઢની તીર્થભૂમિ-એ તીર્થભૂમિમાં સમ્યગ્દર્શનરૂપી સપૂત કોઈ નહોતો જાગ્યો, નહોતો પાક્યો, ત્યાં સુધી આગળ જે-જે ધર્માત્માઓ થયા એ સોનગઢ ભૂમિમાં નથી થયા, જુદી-જુદી ભૂમિમાં થયા છે. જ્યારે ગુરુદેવની જે સાધનાભૂમિ છે. એ સાધનાભૂમિમાં સાધનાનું એક નવું યશકલગી ઉમેરાણું અને એ ભૂમિ પણ ફલવંતી થઈ અને એક ફળ પાક્યું - એ સોગાનીજી છે. પૂજ્ય સોગાનીજીનું બહુમાન એ માત્ર એક વ્યક્તિનું બહુમાન નથી, એ સમ્યગ્દર્શનનું બહુમાન છે અને જે-જે સર્વ સમ્યગ્દર્શન ધારક મહાત્માઓ છે, ધર્માત્માઓ છે તે અનંતા-ત્રણે કાળના ધર્માત્માઓનું બહુમાન, એમાં સન્માન છે.**

**- પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**